સોગંદ આપ્યા.....

**<u>અરજદાર હરજીવનભાઈ મગનભાઈ પટેલની આંક– ૧૮ ની સરતપાસ લગત સામાવાળા નં.૧ તર્ફે ઉલટ તપાસ વિ.ડી.જી.પી. શ્રી વી.સી.જાની</u>**

(૧) હું સાત ધોરણ સુધી ભણેલ છું. મને ચર્તુદીશામાં મને સમજ પડે છે. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશામાં મારા જમીનને અડીને ઉત્તર–દક્ષીણ –પૂર્વ–પશ્ચિમે આવેલ સ્થળ સ્થીતીને મારી જમીનની ચર્તુદીશા કહેવાય. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશાને અડીને કોઈ રહેણાંકની સોસાયટી તથા પેટ્રોલપંપ તથા કારખાનું આવેલ નથી. મારી જમીનની પશ્ચિમ દીશાએ અડીને દેવશીભાઈ શંકરભાઈની વાડી આવેલ છે. એ વાત ખરી છે કે, અમારુ ગામ મોરબીથી ૬૦ કી.મી. દુર છે અને હળવદથી ૧૭ કી.મી. દુર આવેલ છે. એ વાત ખરી નથી કે, જે તે સમયે મને સરકારે મારી જમીનનું યોગ્ય વળતર આપેલ છે છતા મેં ખોટી રીતે વળતર મેળવવા હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

**<u>અરજદાર હરજીવનભાઈ મગનભાઈ પટેલની આંક– ૧૮ ની સરતપાસ લગત સામાવાળા નં.૨ તર્ફે ઉલટ તપાસ પ્રોક્ષી વિ.વ. શ્રી એમ.પી.કારીયા</u>**

(૨) હું સાત ધોરણ સુધી ભણેલ છું. એ વાત ખરી છે કે, સંપાદન સમયે અમારુ ગામ સુરેન્દ્રનગર જીલ્લામાં હતું. એ વાત ખરી નથી કે, જમીન સંપાદન સમયે અમારા ગામની વસ્તી ૩૧૫૩ ઈસમોની હતી. એ વાત ખરી છે કે, જમીન સંપાદન સમયે એવોર્ડમાં જણાવ્યા મુજબની અમારા ગામની વસ્તી હતી. એ વાત ખરી છે કે, અમારુ રણમલપુર ગામ સુરેન્દ્રનગરથી આશરે ૬૫ થી ૭૦ કી.મી. દુર થાય અને હળવદથી આશરે ૧૭ થી ૧૮ કી.મી. દુર થાય. એ વાત ખરી છે કે, સારા–નરસા પ્રસંગે અમારે ખરીદી કરવી હોય તો અમારે હળવદ અથવા સુરેન્દ્રનગર જવું પડે. એ વાત ખરી છે કે, જમીન સંપાદન સમયે અમારા ગામમાં હાઈસ્કુલ હતી પરંતુ કોલેજ ન હતી. એ વાત ખરી છે કે, જમીન સંપાદન સમયે અમારા ગામની આજુબાજુ કોઈ મોટા ઉધોગો આવેલા ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારા ગામની આજુબાજુમાં મીઠાનો ઉધોગ કુડા ગામ ખાતે આવેલ છે પરંતુ તેમાં કેટલા માણસો કામ કરે છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, રણમલપુર ગામમાં રેલ્વે સ્ટેશન આવેલ નથી. એ વાત ખરી છે કે, અમારુ ગામ વીકસીત હોય તે દર્શાવતો આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. હું પોતે ખેતી કરુ છું.

(૩) એ વાત ખરી છે કે, દરેક ખેતીની જમીનની ફળદ્રુપતા જુદી જુદી હોય છે અને તે મુજબ પાક વધુ ઓછા પ્રમાણમાં થતો હોય છે. એ વાત ખરી છે કે, હાલમાં ખેતી કરવી મોંઘી છે. ખેતીમાં ખાતર,બીયારણ,હળવા–લણવાં વીગેરેનો ખર્ચ આવકના જેટલો જ થાય છે. એ વાત ખરી નથી કે, મારી જમીન બિનપીયત છે. મારી જમીન પિયત છે તે દર્શાવતો પુરાવો મેં આ કામે રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે, અમે આધુનીક ઢબે ખેતી કરતા હોય તેવા કોઈ આધાર પુરાવા મેં આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, ૧૮૦ રૂપિયા પ્રતી ચોરસે ભાવ દર્શાવતો કોઈ આધાર પુરાવો કે જંત્રી મેં આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, જમીન સંપાદન અધીનીયમ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપ લાઈન એકટની જોગવાઈઓ અલગ અલગ છે. એ વાત ખરી છે કે, જમીન સંપાદન અધીનીયમ અન્વયે જમીન સંપાદન કરીને તેના પર સામાન્યજનસમુહના કલ્યાણની યોજનાઓનું કામ કરવામાં આવે છે જયારે ધી પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપ લાઈન એકટ મુજબ કોર્મશીયલ કામગીરી માટે ઉપયોગ થાય છે. એ વાત ખરી છે કે, મેં ત્રણ સીઝન પાક લેતા હોવાના ઉપજ નીપજ આવક જાવકના કોઈ બીલો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, અમારા ગામના અડીને સીમાડાનું ગામ કંકાવટી–વાઘગઢ આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કંકાવટી–વાઘગઢ ગામની જમીનની ફળદ્રુપતા તથા અમારા ગામની જમીનની ફળદ્રુપતા અલગ અલગ છે. હું પટેલ કુલજીભાઈ ભવાનભાઈને ઓળખું છું. એ વાતની મને ખબર નથી કે, રણમલપુર ગામના

મુખ્ય એલ.એ.આર. કેસ નંબર ૧૬૧/૨૦૧૮ના ચુકાદાઓ આવી ગયેલ છે. એ વાત ખરી નથી કે, મને અને મારા ગામના લોકોને વધુ વળતર મળે તે હેતુથી હું ખોટી જુબાની આપુ છું.

**ફેરતપાસ નથી.**

તા.૧૧/૯/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

( **નિમિષા ગંગારામભાઈ સુરતી** )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

( **નિમિષા ગંગારામભાઈ સુરતી** )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧